PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા–૦૩/૧૬–૧૭/ 03 તા. 02/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નેશનલ કોટન ઈન્ડસ્ટ્રીઝ,
શાપર મેઈન રોડ,
સદર ડેન પાછળ,
સર્વે નંબર : ૪૬,
શાપર (વેરાવળ) – ઈન્ડસ્ટ્રીયલ એરીયા,
મુ : શાપર (વેરાવળ)
જી. રાજકોટ,
મો: ૯૮૭૯૪ ૮૩૫૭૬, ૦૨૮૨૭–૨૫૪૦૯૪

**વિષય :–એચ.ટી. કનેકશન ના વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૫/ક્વા–૦૩/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩.)

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No.: 03 / D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૫/કવા–૦૩/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૩૧–૧૨–૧૬ | સ્થળ :–રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: નેશનલ કોટન ઈન્ડસ્ટ્રીઝ,ગામ: શાપર (વેરાવળ)**

**રજુઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે નરેન્દ્રભાઈ પરસાણીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

---

**: હુકમ :**

**ફરીયાદ : એચ.ટી. કનેકશન ના વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧** | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના એચ.ટી. જોડાણ નં.: ૨૫૯૮૫ ના હૈયાત – ૧૮૦ કેવીએ ના વીજભાર મા, તેઓ શ્રી એ વીજભાર ઘટાડા ની તા.૨૫–૧૦–૧૬ ના રોજ પીજીવીસીએલ મા વિધીસર ની અરજી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી, તેઓને પત્ર નં.: ૧૮૬૭૭, તા.૧૮–૧૧–૧૬ થી પાઠવીને, વર્ષ–૨૦૧૫–૧૬ ની, તફાવતીય ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– ભરપાઈ કરવાની નોટીસ અપાયેલ છે. અરજદાર શ્રી ના જણાવવા મુજબ, તેઓ શ્રીએ વર્ષ–૨૦૧૫–૧૬ મા, મીનીમમ બીલીંગ થી પણ વિશેષ વીજવપરાશ કરેલ છે. જેથી, સદર રીકવરી નિયમાધીન રીતે યોગ્ય નથી. |
| **૧.૨** | તેમજ, હાલ ના તબક્કે, '' કોટન ઈન્ડસ્ટ્રીઝ '' મા ભયંકર મંદી હોવાના કારણોસર,તેઓ કરારીત વીજભાર પણ સંપૂર્ણ પણે વાપરી શકે તેમ નથી. માહે એપ્રીલ – ૨૦૧૬ પછી તેઓની જીનીંગ ફેકટરી સદંતર બંધ છે. આવા મંદીના કારણોસર, તેઓ શ્રી એ, સવાલવાળી વીજભાર ઘટાડા ની અરજી, જે સદર જોડાણ મા, અગાઉ વીજભાર ઘટાડા અન્વયે ના, આખરી ૧૨૦ હોપા ના કરારીત વીજભાર મુજબ કરવા સબબ ની અરજી ના અનુસંધાને, હવે તે ૧૨૦ હોપા મા પણ, ૪૦ હોપા નો વીજભાર ઘટાડો કરી, અને જોડાણ ને આખરી ૮૦ હોપા ના કરારીત વીજભાર વાળુ કરવા માંગે છે. આમ, તેઓ શ્રી ના સદર જોડાણ મા, વર્ષ–૨૦૧૫–૧૬ મા ઉધાર કરાયેલ, તફાવતીય ડિપોઝીટ ની કુલ રકમ રૂ.૧,૫૭,૬૬૮/– વસુલાત ને પાત્ર નથી. તેમજ જોડાણ ને, એચ.ટી. ટેરીફ ના ૧૮૦ કેવીએ માથી, એલ.ટી.ઈન્ડસ્ટ્રીઝ ના ૮૦ હોપાના કરારીત વીજભાર હેઠળ તબ્દીલ કરવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨** | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ,મૌખીક ચર્ચાઓ તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| **૨.૧** | ફરીયાદી અરજદાર શ્રી નુ નેશનલ કોટન ઈન્ડસ્ટ્રીઝ નામના, એચ.ટી. જોડાણ નં.: ૨૫૯૮૫ ( ૧૮૦ કેવીએ) ના હૈયાત વીજભાર વાળા જોડાણ ના બીલીંગ ખાતામા, '' નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૮/૨૦૧૫ ના મુદદા નં. ૪.૬ અને ૪.૯ મા કરાયેલ જોગવાઈ મુજબ '' જોડાણ મા, સ્થીર રહેવા પાત્ર ડિપોઝીટ ની રકમ ની ગણતરી – જે તે વર્ષ ( માહે એપ્રીલ – થી માહે માર્ચ) મા કરાયેલ કુલ વીજવપરાશ અન્વયે થતી બીલીંગ ની રકમ ને આનુષાંગીક – રહી અને કરવાની હોય છે. જે અન્વયે, પ્રત્યેક નાણાકીય વર્ષ ના અંતે, જોડાણ ની સદર ડિપોઝીટ રીન્યુ કરવાની રહે છે. અરજદાર શ્રી ના સદર જોડાણ ના, વર્ષ–૨૦૧૪–૧૫ ના વર્ષ દરમ્યાન ના થયેલ વીજવપરાશ ની સરખામણીએ, વર્ષ–૨૦૧૫–૧૬ મા થયેલ વીજવપરાશ ઓછો હોય, જે મુજબ વર્ષ–૨૦૧૫–૧૬ ની બીલીંગ ડિપોઝીટ ની ગણતરી, જે વર્ષ–૨૦૧૪–૧૫ ના અંતે, જોડાણમા સ્થીર રહેલ ડિપોઝીટ ની રકમ થી વિશેષ થયેલ છે. આવા કારણોસર, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની માર્ગદર્શીકા મુજબ, વર્ષ–૨૦૧૫–૧૬ માટે, જોડાણ મા, સ્થીર રહેલ ડિપોઝીટ ની ઘટતી રકમ ( જે – વર્ષ–૨૦૧૪–૧૫ અને વર્ષ–૨૦૧૫–૧૬ દરમ્યાન ની નિયત ડિપોઝીટ ની સરખામણીએ ઘટતી રકમ) રૂ.૧,૫૭,૬૬૮/– જે, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર જોડાણ ના બીલીંગ ખાતામા, વર્ષ–૨૦૧૫–૧૬ માટે સ્થીર રહેવા ની બાબત નિયમાધીન યોગ્ય છે. |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે વર્ણવ્યા મુજબ ની, વર્ષ–૨૦૧૫–૧૬ માટે, જોડાણ મા, સ્થીર રહેલ ડિપોઝીટ ની ઘટતી રકમ ( જે – વર્ષ–૨૦૧૪–૧૫ અને વર્ષ–૨૦૧૫–૧૬ દરમ્યાન ની નિયત ડિપોઝીટ ની સરખામણીએ ઘટતી-રકમ) રૂ.૧,૫૭,૬૬૮/– જે, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર જોડાણ ના બીલીગ ખાતામા, વર્ષ–૨૦૧૫–૧૬ માટે સ્થીર રહેવા ની બાબત નિયમાધીન યોગ્ય હોવાના કારણોસર, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર '' ઘટતી ડિપોઝીટ ની રકમ '' રૂ.૧,૫૭,૬૬૮/–, પીજીવીસીએલ મા ભરપાઈ કરવા માટે, પત્ર નં. આરઆરડી/એસડી/રીકવરી/૨૦૧૫–૧૬/ ૯૪૧૦, તા.૧૫–૦૬–૧૬ થી, પાઠવી અને જાણકારી અપાયેલ હતી. તદ ઉપરાંત, સદર એચ.ટી. ગ્રાહક ને, સદર નિયમાધીન તફાવતીય ડિપોઝીટ ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવા માટે, તા.૨૫–૧૦–૧૬ થી તા.૧૫–૧૧–૧૬ સુધી ના દિવસો દરમ્યાન, આશરે ૦૬ થી ૦૭ વખત – વારંવાર ટેલીફોનીક જાણકારી પણ, વિભાગીય કચેરી તરફથી અપાયેલ હતી. પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી તરફથી સદર ઘટતી ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– આજદિન સુધી પીજીવીસીએલ મા ભરપાઈ કરાયેલ નથી. વિશેષમા, હાલ ના તબ્બકે, ફરીયાદી અરજદાર શ્રી ને, સદર તફાવતીય ડિપોઝીટ ની રકમ ભરપાઈ કરવા માટે, તાજેતર મા પત્રન.: ૧૮૬૭૭ તા.૧૮–૧૧–૧૬ થી અપાયેલ છે. |
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતેની, વર્ષ–૨૦૧૫–૧૬ ની, તફાવતીય ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– જે પીજીવીસીએલ તરફથી નિયમાધીન વસુલાત ને પાત્ર હોવા છતા, અને તે રકમ ભરપાઈ કરવાની, પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને વારંવાર પત્રો તેમજ ટેલીફોનીક જાણકારી આપી અને નોટીસ અપાયેલ હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર રકમ આજદિન સુધી પીજીવીસીએલ મા ભરપાઈ ન કરેલ હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ મા, ફરીયાદી અરજદાર શ્રી ની '' વીજભાર ઘટાડા '' બાબતે ની માંગણી ના અનુસંધાને કોઈ કાર્યવાહી, જે કરાયેલ નથી, તે બાબત પણ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી એ તેમની ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, જે – વર્ષ–૨૦૧૫–૧૬ ની, તફાવતીય ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– જે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ તરફથી નિયમાધીન વસુલાત ને પાત્ર હોવા છતા, આજદિન સુધી ભરપાઈ કરેલ ન હોવાના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને, તેમના સદર એચ.ટી. જોડાણ મા, વીજભાર ઘટાડા ની કરાયેલ માંગણી પરત્વે પીજીવીસીએલ તરફથી, કોઈ કાર્યવાહી થયેલ નથી. |
| **૩.૨** | અરજદાર શ્રી ની મુખ્ય માંગણી – જે તેમના હૈયાત એચ.ટી.જોડાણ નં: ૨૫૯૮૫ ના, હૈયાત એવા ૧૮૦ કેવીએના વીજભાર માથી, ૮૦ કેવીએ નો વીજભાર ઘટાડો મેળવવા માટે ની છે. આમ થતા, અરજદાર શ્રી ના, હૈયાત જોડાણ ના હૈયાત ૧૮૦ કેવીએના વીજભાર માથી, ૮૦ કેવીએનો વીજભાર ઘટાડો થતા, સદર જોડાણ ૧૦૦ કેવીએના એચ.ટી. જોડાણ કેટેગરી હેઠળ હૈયાત રહેશે. જો, અરજદાર શ્રી આમ કરશે તો, તેઓ શ્રી ને, તેમના સદર હૈયાત એચટી કેટેગરી ના જોડાણ મા, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતેની, પીજીવીસીએલ ની, સવાલવાળી વર્ષ–૨૦૧૫–૧૬ ની તફાવતીય ડિપોઝીટ ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. અને, અરજદાર પક્ષકાર તરફથી, પીજીવીસીએલ મા ભરપાઈ થયા પછી જ, ફરીયાદી અરજદાર શ્રી ની, તેઓ શ્રી ના સદર હૈયાત એચ.ટી. જોડાણ મા '' વીજભાર ઘટાડા '' બાબતે ની માંગણી ના અનુસંધાને,તેમના સદર હૈયાત એચટી જોડાણ મા, '' નિયમાધીન પ્રકીયા અંતર્ગત ની વીજભાર ઘટાડા ની '' કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી હાથ ધરી શકાશે. આ બન્ને બાબતો, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

| | |
|---|---|
| **૩.૩** | પરંતુ, અરજદાર શ્રી તેમના હૈયાત એચ.ટી.જોડાણ નં: ૨૫૯૮૫ ના, હૈયાત એવા ૧૮૦ કેવીએના વીજભાર માંથી, ૧૦૦ કેવીએનો વીજભાર ઘટાડો કરી, અને જોડાણ ને ૮૦ કીવો વીજભાર નુ કરશે તો, અરજદાર શ્રી નુ સદર હૈયાત એચ.ટી. જોડાણ, જે એચ.ટી. જોડાણ અન્વયે ની તાંત્રીક / વહીવટીય અને હિસાબકીય એવી નિયત પ્રણાલી અંતર્ગત ની – વીજવીતરણ કંપની ની નિયત એવી '' એચ.ટી. જોડાણ કેટેગરી '' નુ રહેશે નહી. આમ, થવાથી, અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના, સદર હૈયાત એચટી જોડાણ મા, '' વીજભાર ઘટાડા ની અરજી તારીખ પહેલા '' ની પીજીવીસીએલ ની તમામ બાકી લેણી રકમ – કે જે રકમ મા સવાલવાળી તફાવતીય ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– નો પણ સમાવેશ થાય છે. – તે રકમ ભરપાઈ કરવા સાથે,પીજીવીસીએલ ની બાકી ની જવાબદારીઓ પણ અરજદાર પક્ષકારે પૂર્ણ કરવાની રહેશે. આમ, હૈયાત એચટી જોડાણ મા, પીજીવીસીએલ ની બાકી રહેતી તમામ રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કર્યા પછી, અન્ય તમામ જવાબદારીઓ પૂર્ણ કરાયા પછી જ, અરજદાર પક્ષકારે, તેઓ શ્રી નુ, સદર હૈયાત એચ.ટી. જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાવવાનુ રહેશે. અને, આ મુજબના, કાયમી ધોરણે રદબાતલ થયેલ એચટી જોડાણમા, હિસાબકીય ગણતરીએ, જો કોઈ વધારાની રકમ, અરજદાર શ્રી ને પરત આપવા પાત્ર રહેતી હશે તો, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને સદર રકમ પરત આપવામા આવશે. |
| **૩.૪** | આમ, અરજદાર શ્રી નુ, ઉપરોક્ત મુદ્દા નં.૩.૩ મુજબ ની વિગતે નુ, એચટી જોડાણ કાયમી ધોરણે રદબાતલ થતા, અરજદાર શ્રી સદર જગ્યા પર, ૮૦ કીવો ના વીજભાર વાળા, નવા એલ.ટી.ઈન્ડસ્ટ્રીયલ જોડાણ ની વિધીસર ની અરજી, જે નિયત અરજી ફોર્મ સાથે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ જોડીને, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુ કરશેતો, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા અગાઉ ના એચટી જોડાણ વાળી જગ્યા પર, નવુ એલ.ટી. ઈન્ડસ્ટ્રીયલ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. આ બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | જો, અરજદાર શ્રી તેમના સદર હૈયાત એચટી જોડાણ મા, વીજભાર ઘટાડો, મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે નો, વીજભાર ઘટાડો મેળવી, અને જોડાણ ને, નિયમાધીન હૈયાત એચટી કેટેગરી હેઠળ જ રાખશે તો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળી, વર્ષ–૨૦૧૫–૧૬ ની, તફાવતીય ડિપોઝીટ ની રકમ રૂ.૧,૫૭,૬૬૮/– જે, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે, પીજીવીસીએલ તરફથી નિયમાધીન વસુલાત ને પાત્ર હોવા છતા – તે રકમ, જે ફરીયાદી અરજદાર શ્રી એ આજદિન સુધી સદર રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ નથી. તે પીજીવીસીએલ ની બાકી રહેતી તમામ લેણી રકમ અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. આ બાબત, જે નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. તે મુજબ ની અરજદાર શ્રી ને, જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |
| **૪.૨** | તેમજ, જો અરજદાર શ્રી તેમના સદર હૈયાત એચટી જોડાણ મા, વીજભાર ઘટાડો, મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે નો, વીજભાર ઘટાડો મેળવવાની માંગણી કરશે તો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી એ તેઓ શ્રી નુ, સદર હૈયાત એચટી જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાવવાનુ રહેશે. અને તે મુજબ , સદર એચટી જોડાણ મા પીજીવીસીએલ ની તમામ બાકી રકમ, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. તેમજ, સદર કાયમી ધોરણે રદબાતલ કરાયેલ એચટી જોડાણ વાળા સ્થળ પર, અરજદાર શ્રી એ, મુદ્દા નં. ૩.૪ મુજબ ની વિગતે નુ, નવુ એલ.ટી.ઈન્ડસ્ટ્રીયલ વીજજોડાણ મેળવવા માટે ની વિધીસર ની અરજી પીજીવીસીએલ મા નોંધાવવાની રહેશે. આ બાબત, જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય, તે મુજબ ની અરજદાર શ્રી ને, જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય બાબત** સબંધક હોય તો, **સદર રકમના ૩૩%** રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..